ગાંધીનગર સમાચાર

શહેરમાં નીલગાયની અવરજવર વધતા અકસ્માતનો ભય

# ખૂબસૂરતી ગુમાવતા શહેરના સર્કલો

## હજુ ગત વાઈબ્રન્ટ સમિટ ટાણે રિનોવેટ કરાયેલા સર્કલો યોગ્ય મરામતના અભાવે બદતર બનવા લાગ્યા : કેટલાક સર્કલોની રેલીંગ તુટીને ગાયબ થઈ ગઈ : સર્કલો મનપાને સોંપવાની હિલચાલથી સંસ્થાઓનો રસ ઘટયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના રાજમાર્ગોપરના સર્કલો શહેરની વિશિષ્ટ ઓળખ સમાન છે. શહેરના તમામ સર્કલોને ગત વાઈબ્રન્ટ સમિટના પગલે રિનોવેટ કરાયા હતા. જો કે તદ્દન નવા જ વિકસાવાયેલા આ સર્કલોની હાલત અપૂરતા મેનેજમેન્ટના કારણે ટૂંકા ગાળામાં જ બદતર થવા પામી રહી છે. રોડ નં. ૩ પરના ગ-૩ સર્કલની રેલીંગનો કેટલોક ભાગ તુટીને ચોરાઈ જવા પામ્યો છે તો અન્ય સર્કલો પર પણ નાની મોટી તુટફુટના કારણે સર્કલોની ખૂબસૂરતી ઝાંખી પડી રહી છે.

પહોળા રસ્તા અને વિશાળ સર્કલોના કારણે ગાંધીનગરના વાહનચાલકોને વાહન ચલાવવામાં ઘણી સહુલિયત રહે છે. વળી આ સર્કલોને વિવિધ સંસ્થાઓ દ્વારા અલગ અલગ થીમ આધારિત સજાવી શહેરનો રળિયામણું બનાવાયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સર્કલોની મરામતમાં બેદરકારીના કારણે આ ખૂબસૂરતી બદસૂરતીમાં પરિણમી હતી પરંતુ ગત જાન્યુઆરી માસમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના પગલે સમગ્ર શહેરને નવોઢાની જેમ સજાવાયું હતું. તેમાં આ સર્કલોએ પણ નવો અવતાર ધારણ કર્યો હતો. એક તબક્કે વિવિધ સંસ્થાઓને અપાયેલા આ સર્કલોને નવેસરથી નવી નવી થીમ આધારિત સજાવાતા સમગ્ર નગરમાં હર્ષની લાગણી ફેલાવા પામી હતી. તે સમયે નગરજનોએ સમય કાઢી પોતાનું પેટ્રોલ બાળી તમામ સર્કલોને જોવા નગરમાં ફરતા જોવા મળ્યા હતા, એટલું જ નહીં પરંતુ પોતાના ઘરે આવતા મહેમાનોને પણ હોંશે હોંશે આંટો લગાવી આ સર્કલો બતાવતા હતા. લગભગ દસેક માસ પહેલા જ તૈયાર કરાયેલા આ સર્કલોની મરામત કાર્યમાં દુર્લક્ષતાને કારણે ફરી એકવાર ધીમે ધીમે પોતાનો ચાર્મ ગુમાવતા જાય છે.

સર્કલોના વિકાસ માટે જે તે સંસ્થાઓને સોંપવામાં આવ્યા હતા તેમની જવાબદારી તેની સાર સંભાળ રાખવાની પણ હતી. હવે તમામ સર્કલો ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવાની વાતો ચર્ચાઈ રહી હોવાથી કદાચ આ સંસ્થાઓનો સર્કલોની સાર સંભાળમાં રસ ઘટી ગયો હોય તેવું જણાઈ રહ્યું છે. ચ રોડના મોટા ભાગના સર્કલો તો વાહનોના અકસ્માતોના કારણે છાશવારે નુકશાન પામતા રહ્યાં છે પરંતુ અન્ય માર્ગોના સર્કલો એજન્સીઓના મેન્ટેનન્સ કાર્યમાં બેદરકારીના કારણે ક્ષતિગ્રસ્ત થઈ રહ્યા છે. ખ-૩ સર્કલ પર મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનને ધ્યાનમાં રાખી ગાંધીજીના ચશ્માની પ્રતિકૃતિ મુકવામાં આવી છે જેમાં લગાડેલા કાચ માત્ર એકાદ મહિનામાં જ ગાયબ થઈ જવા પામ્યા છે. ખ-પ સર્કલે વચ્ચે લગાડેલા તેની ઓળખ દર્શાવતા સાઈન બોર્ડના થાંભલે મહિનાઓથી એક પ્લાસ્ટિકની ખુરશી કોઈએ બાંધી રાખી છે જેને જોઈ ત્યાંથી પસાર થતા વાહન ચાલકો અને નગરજનોને ભારે રમૂજ સાથે અચંબો થઈ રહ્યો છે. પરંતુ સર્કલનું મેઈન્ટેનન્સ કરનારને તે ખુરશી હજુ નજરે ચઢી નથી. આવી તો નાની મોટી અનેક બેદરકારી તમામ સર્કલે જોવા મળી રહી હોઈ નગરજનોમાં આ બાબતે છુપા રોષની લાગણી ફેલાઈ રહી છે. સત્વરે સર્કલોના મરામત બાબતે તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવાય તેમજ સર્કલોની સલામતી માટે પગલાં લેવાય તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી રહી છે.





### @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત અભિનિત નાટક 'ગુજ્જુભાઈ બન્યા દબંગ' પ્રસ્તુત કરાશે.

● સે-૨૮ ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે રંગ અવધૂત મહારાજની ૪૭મી પૂણ્યતિથી નિમિત્તે સરખેજના નિવાસી વિપુલભાઈ ત્રિવેદી દ્વારા અવધૂતી આનંદ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૨ ઉમિયા માતાજીના મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ઉમિયા મહિલા પરિવાર દ્વારા આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણીના કંઠે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## છોતેર ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા વરણી કરાઈ

ગાંધીનગર, તા.૯

છોતેર ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા તાજેતરમાં કારોબારી સભા રાયસણ ખાતે યોજાઈ હતી. આ સભામાં પ્રમુખ તરીકે ચંદુલાલ દરજી, ઉપપ્રમુખ તરીકે પરેશભાઈ દરજી, મંત્રી તરીકે સોમાભાઈ દરજી, સહમંત્રી મટે ચેતનભાઈ દરજી, ખજાનચી તરીકે ભરતભાઈ દરજી, ઓડીટર તરીકે અનિલભાઈ દરજીની વરણી કરાઈ હતી તેમજ કેળવણી મંડળને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આમ છોતેર ગોળ દરજી કેળવણી મંડળના કારોબારી સભ્ય નટુભાઈ દરજીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સે-૨૩ના બ્રહ્માણી કૃપા હોલમાં કારકિર્દી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૯

આર.જી. પટેલ કન્યા શાળા દ્વારા ઉચ્ચ કારકિર્દી ઘડતર અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી શકે તે હેતુ અંતર્ગત બ્રહ્માણી કૃપા હોલ ખાતે કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીસીએ કોલેજના ડીન ડૉ. એસ.એમ. શાહે ધો-૧૨ પછીના વિવિધ અભ્યાસક્રમો વિષેની વિગતવાર માહિતી આપી હતી. બીબીએ કોલેજના પ્રોફેસર આશિષભાઈ ભુવા દ્વારા એમ.બી.એ. વીથ ફાઈનાન્સ, માર્કેટીંગ, હ્યુમન રિસોર્સ જેવા અભ્યાસ ક્રમોની સમજ અપાઈ હતી અને અશ્વિનભાઈ કોમર્સ કોલેજના પ્રો. સમીર પંડયાએ કોમર્સને લગતા અભ્યાસક્રમોની માહિતી રજૂ કરી હતી. શાળાની ઉચ્ચ માધ્યમિક વિભાગની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ સેમિનારનો લાભ લીધો હતો. આ સેમિનારમાં શાળાના આચાર્યા સુધાબેન અને સુપરવાઈઝર દિલહરબા ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં શાંતિવિલા રેસિડન્સી ખાતે સુભાષ જોષીના નિવાસસ્થાને આનંદના ગરબાનું આયોજન કરાયું હતું. આ આનંદના ગરબામાં આસપાસની સોસાયટીના ધર્મપ્રેમી નગરજનોએ ભાગ લઈ મા બહુચરની ભકિતનો આનંદ માણ્યો હતો.

(તસવીર : દિપક જાની)

## ચાલો સાથે મળીને નગરનું રક્ષણ કરી આપણી જવાબદારી અદા કરીએ

દેશભરમાં નાગરિક સંરક્ષણ અઠવાડીયા દરમિયાન નાગરિક સંરક્ષણ દળ તથા જિલ્લા હોમગાર્ડ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે સે-૨૧ના શોપીંગ વિસ્તાર અને નાગરિક વસતીમાં જઈ નાગરિક સંરક્ષણ એકમ દ્વારા ઘર, દુકાન, જાહેર જગ્યા પર આગ લાગે નહિ તેના આગોતરા પગલા, આગના પ્રકારો, ગેસ ગળતર, દુકાનમાં શોર્ટ સર્કીટ જેવા અકસ્માતોમાં તાત્કાલિક કેમ આગ પર કાબુ મેળવવો તે અંગેની વિગતો સાથે નાગરિક સંરક્ષણ દળના વોર્ડનશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ઉપસ્થિત વેપારી ભાઈઓ, નાગરિકોને ફાયરબ્રિગેડના સ્ટાફ સાથે શ્રી મહેશ મોઢ ફાયર ઓફીસરે વિગતો આપી હતી.

નાગરિક સંરક્ષણ એકમના નાયબ નિયામકશ્રી રાઠોડ, સે-૨૧ પોલીસ ઈન્સ્પેકટરશ્રી મોણપરા, વેપારી મંડળના પ્રમુખશ્રી મહેશ ભટ્ટ તથા પદાધિકારીઓએ ઉપસ્થિત રહી નાગિરકોના જાન માલના રક્ષણ માટે એકમ દ્વારા સેવાતી ચિંતા અને કાળજીમાં શ્રી અરુણ બુચ ચીફ વોર્ડન તથા દીક્ષીત પટેલ સાથે શ્રી મહાવીર નિમાવત તથા કૌશલ જાની, સતીષ પટેલ સહીતના વોર્ડનશ્રીઓએ નિદર્શનમાં ભાગ લઈ આગ ઓલવવા માટે તેના પ્રકારોનું નિદર્શન કરેલ અને નાગરિકોને આગ લાગવાના કારણો બનતા અટકાવવા કાળજી લેવાની શીખ આપી નાગરિક સંરક્ષણ દળમાં જોડાવા સાહિત્યનું વિતરણ કરેલ.

આગામી દિવસોમાં પણ ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા જનહિતના અને જનજાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેમાં સૌ નાગરિકોને જોડાવવા અપીલ કરવામાં આવી હતી.

## સે-૨૩માં રહેતા તબીબનાં મકાનમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૨૩ ખાતે ઘ-૧ ટાઈપમાં રહેતા અને અખંડ આનંદ આયુર્વેદીક હોસ્પિટલ, અમદાવાદ ખાતે સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા ડૉકટરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા હતાં. સાડા ત્રણ કલાકના સમયગાળા દરમિયાનમાં પાછળનો દરવાજો તોડીને તસ્કરો અંદર ઘૂસ્યા બાદ સોનાના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૬૯ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. ડૉકટરની ફરીયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

**તબીબ મકાન બંધ કરીને પિતાને મળવા કલોલ ગયા ત્યાં સુધીના ત્રણ કલાકમાં તસ્કરો દરવાજ તોડીને દાગીના તથા રોકડ મળી રૂ. ૬૯ હજારની મત્તા સાફ કરી ગયા**

સેકટર-૨૩, બ્લોક નં. ૫૦/૧, ઘ-૧ ટાઈપ ખાતે રહેતા અને અમદાવાદમાં અખંડ આનંદ આયુર્વેદીક હોસ્પીટલમાં સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. દિનેશચંદ્ર હરનારાયણભાઈ પંડયા ગઈ કાલે સાંજે સાતેક વાગ્યાના સુમારે પોતાના ઘરને તાળુ મારીને કલોલ રહેતા પિતાને મળવા ગયા હતાં. સાડા ત્રણ કલાક બાદ ઘરે પરત ફર્યા ત્યારે તાળુ ખોલીને અંદર રૂમમાં પ્રવેશ્યા તો સામાન વેરવિખેર પડયો હતો. મકાનનો પાછળનો દરવાજો તોડીને તસ્કરો મકાનમાં ઘૂસી કબાટમાંથી રૂ. ૨૨ હજાર રોકડા તથા સોનાનો સેટ અને બુટ્ટી મળીને કુલ રૂ. ૬૯૦૦૦નો સરસામાન ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. ડૉ. દિનેશચંદ્રની ફરિયાદને આધારે સે-૨૧ પી.આઈ. એલ.બી. મોણપરાએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## નોકરીની લાલચ આપી રૂપિયા પડાવતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનના અલગ અલગ વિભાગોમાં નોકરી આપવાની લાલચ આપીને ખોટા દસ્તાવેજો બનાવી ઉમેદવારો પાસેથી રૂપિયા પડાવતા એક શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે સેકટર-૧૦ સીપીડબલ્યુડી કચેરી નજીકથી પકડી પાડયો હતો. તેની પાસેથી એલસીબીની ટીમે ૧૦૯ ઉમેદવારોનું લીસ્ટ જપ્ત કરી રબર સ્ટેમ્પ અને બોગસ ડોકયુમેન્ટસ જપ્ત કર્યા છે.

**નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનના વિવિધ વિભાગોમાં નોકરી આપવાની લાલચ આપી ખોટા દસ્તાવેજો બનાવી આપતો હતો : આરોપી પાસેથી એલસીબીએ ૧૦૯ ઉમેદવારોનું લીસ્ટ જપ્ત કર્યું**

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમને ગઈ કાલે બાતમી મળી હતી કે મુળ રાજસ્થાન માધુપુરનો અને હાલ અમદાવાદ દાણીલીમડા વિસ્તારમાં રહેતો સન્ડીપ્રસાદ રામગોપાલ મીણા સી.પી. ડબલ્યુ.ડી.માં નોકરી કરતો હોવાનું જણાવીને અરજદારોનો સંપર્ક કરી સેન્ટ્રલ પબ્લીક વર્કસ ડિપાર્ટમેન્ટમાં રૂ. ૮૪૦૦થી રૂ. ૨૪,૫૦૦ના પગાર ધોરણ પર નોકરી અપાવી દેવાની લોભામણી લાલચ આપી રૂપિયા પડાવી રહ્યો છે. અરજદાર પાસેથી ડોકયુમેન્ટ આધારે જુદા જુદા વ્યકિતઓના નામે ટ્રેનીંગ લેટરો તૈયાર કરી નાણા પડાવતા આ શખ્સને સે-૧૦-એ સીપીડબલ્યુડીની કચેરી નજીક વૉચ ગોઠવીને એલસીબીની ટીમે રંગે હાથ ઝડપી પાડી તેની પાસેથી એન.ટી.પી.સી.ના સીપીડબલ્યુડી, ડબલ્યુપીસી, યુજીસી જેવા



ડિપાર્ટમેન્ટમાં નોકરી હોવા બાબતે તૈયાર કરેલા સહી સિક્કાવાળા ખોટા દસ્તાવેજો તથા રબર સ્ટેમ્પ કબ્જે કરી લીધા છે. સન્ડીપ્રસાદ ઉર્ફે ઠંડીરામ રામગોપાલ મીણાની સઘન પુછતાછમાં તેની પાસેથી ૧૦૯ ઉમેદવારોનું લીસ્ટ મળી આવ્યું છે જે પૈકી એક એક ઉમેદવારો પાસેથી ૪૦ થી ૫૦ હજાર રૂપિયા લેખે ૧૦ ઉમેદવારો પાસેથી કુલ રૂ. ૪,૩૦,૦૦૦ પડાવી ઉમેદવારો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવતા પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

### વાતવાતમાં

● લાયસન્સ વગર જ વાહનો હંકારતા સગીર વયના બાળકો પ્રત્યે પોલીસે લાલ આંખ કરી હતી. સે-૨૩ના શૈક્ષણિક સંકુલ વિસ્તાર નજીકથી પોલીસે સાત ટુ વ્હીલર્સ જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

● સે-૮ની એક જાણીતી શાળામાં પણ પોલીસની કાર્યવાહીના કારણે વાહનો લઈને આવેલા બાળકોએ કેમ્પસમાં જ પુરાઈ રહી પોતાના વાલીઓને લેવા આવવા બોલાવ્યા હતા. જો કે કેમ્પસની અંદરથી વાહન લઈને બહાર આવતા વાલીઓને પણ 'વાહન તો બાળક જ લઈને આવ્યું હતું' કહી પોલીસે દંડ ફટકાર્યો હતો.

● સે-૨૩માં શૈક્ષણિક સંકુલો નજીક ઉભા રહેલા યુવાનો સામે પણ પોલીસે છેડતીના બનાવો ના બને તે હેતુથી અસામાજિક તત્વો તો નથી ને તેની ખરાઈ હાથ ધરી હતી. જે યુવાનો પાસે કેમ્પસમાં ચાલી રહેલ પરીક્ષાની રીસીપ્ટ કે આઈકાર્ડ હતું તેમના સિવાયના અન્ય યુવાનોને ત્યાંથી તગેડી મુકવામાં આવ્યા હતા.

● ગૌણ સેવા પસંદગી મંડળે મહેસુલ તલાટીની ભરતી માટે શિક્ષણ વિભાગને શાળાઓ અંગે પરિપત્ર પાઠવ્યો હતો તે વ્હોટસએપ પર લીક થઈ જતા જાહેરાત આવે તે પહેલા પરીક્ષાની તારીખ જાહેર થઈ જવા પામી છે. આ ઘટનાને પગલે મહેસુલી તલાટી ભરતી પ્રક્રિયા સોશ્યલ મિડીયા પર ચર્ચાનો મુદ્દો બની છે.

● લો કરલો બાત...!! દહેગામમાં રૂપિયા એક લાખની લૂંટની ફરિયાદ કરનાર પોતે જ આરોપી નીકળ્યો છે. માલિકે કામ માટે આપેલા રૂપિયા હડપ કરી જવાની લાલસાથી કર્મચારીએ લૂંટની ફરિયાદનું તરકટ રચ્યું હોવાનું બહાર આવ્યું છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## એસ.જી. પ્રાથમિક શાળામાં ૧૦૮ની ઈમરજન્સી સેવાનું નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં ધો-૫થી ૮ના બાળકોને ઈમરજન્સી સેવા આપતી ૧૦૮નું પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ જરૂરી માહિતી પ્રાપ્ત કરી હતી.

૧૦૮ની તત્કાલ સેવા દર્શાવતી વાનમાં કઈ કઈ સુવિધાઓ મળે છે તેનું જિલ્લા ઈન્ચાર્જ જિતેન્દ્રસિંહ ચાવડા અને તેમના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન ભરતભાઈ અને અનિલ મિશ્રાએ સરસ માર્ગદર્શન આપ્યું હતું. ૧૦૮માં રહેતા ચાર સ્ટ્રેચર, બીપી ઈન્સ્ટ્રુમેન્ટ, સકશન મશીન, ગ્લુકોમીટર, સ્પ્લીન્ટ, સર્વાઈકલ કોલર, થર્મોમીટર, ટોર્ચ, ગ્લોઝ, કોટન જેવી દરેક બાબતોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. બાળકોએ પણ ૧૦૮ની મફત સેવાની જાણકારી મેળવી જરૂરી પ્રશ્નો પૂછયા હતા અને માહિતગાર બન્યા હતા. શાળાના શિક્ષકોએ પણ કાર્યક્રમમાં અનેરો સહકાર આપ્યો હતો.

# શહેરમાં નીલગાયની અવર-જવર વધતા અકસ્માતનો ભય

## શાહપુર ચોકડીએ સર્કલ વચ્ચે નીલગાય ફસાઈ : સદભાગ્યે અકસ્માત ટળ્યો જંગલ વિસ્તાર ઘટતા ખોરાક માટે નીલગાયનું શહેરી વિસ્તારમાં આવાગમન વધ્યું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સતત ભારે ટ્રાફિકથી ધમધમતા કોબા રોડ પરના ધોળાકુવા સર્કલે આજે એક નીલગાય વચ્ચો વચ્ચ ફસાઈ જવા પામી હતી. આ નીલગાય એવી રીતે ફસાઈ હતી કે તે બહાર નીકળે તો ચોકકસ કોઈ વાહનચાલક સાથે અથડાય. માંડ માંડ આ નીલગાયનો છુટકારો થવા પામ્યો હતો. જો કે છેલ્લા કેટલાય સમયથી ગાંધીનગરના અનેક વિસ્તારોમાં રખડતી નીલગાયોના કારણે ગંભીર અકસ્માતનો ભય પેદા થવા પામ્યો છે. અગાઉ પણ નીલગાયના કારણે શહેરના માર્ગોપર અકસ્માતના કિસ્સા બન્યા હોવાથી વનવિભાગ દ્વારા સત્વરે આ બાબતે યોગ્ય પગલાં ભરાય તેવું વાહનચાલકો ઈચ્છી રહ્યાં છે.

શહેરના ચ માર્ગ પર તો દરરોજ સાંજના સમયે નીલગાયનું એક નાનુ ટોળુ વારંવાર રખડતું જોવા મળે છે. ચ-૫ સર્કલ તેમજ સચિવાલય નજીકના વિસ્તારમાં નીલગાયના કારણે અગાઉ નાના મોટા અકસ્માત થઈ ચુકયાં છે. આ રીતે સે-૮માં ખાસ કરીને ૭-૮ના બસસ્ટેન્ડ નજીકની ઝાડીમાં પણ એક નીલગાય નિયમિત રીતે ફરી રહી છે જેના કારણે પણ સ્કૂટરચાલકો સ્લીપ થયાના કિસ્સા બન્યા છે. આ ઉપરાંત સે-૨૪-૨૭ના વિસ્તારમાં પણ ઘણા સમયથી નીલગાયે દેખાવાનું ચાલુ કર્યું છે. કોબા હાઈવે પર તો અસંખ્યવાર નીલગાય રસ્તા વચ્ચે આવી જવાના તથા નીલગાયનું ટોળુ દોડીનો રસ્તો પસાર કરતું હોય તેવા બનાવો બન્યાં છે. સે-૧-૨ નજીક તેમજ જ રોડ પર નીલગાય દેખાવી તે કોઈ નવાઈની વાત રહી નથી. વાવોલ-ઉવારસદ માર્ગ પર તો તંત્ર દ્વારા નીલગાયથી સંભાળીને વાહન ચલાવવા તેવા ચેતવણી આપતા બોર્ડ લગાવવા પડયાં છે.



નીલગાય શરીરે ઘણું મજબુત પ્રાણી છે. તેમજ પુખ્ત વયની નીલગાયનું કદ પણ ઘોડા કરતા વધુ ઉંચું હોય છે. આટલો મજબૂત બાંધો ધરાવતું પ્રાણી સ્વભાવે અત્યંત ગભરુ અને ડરપોક પ્રકૃતિનું હોય છે અને નજીવા ખડખડાટથી પણ તુરંત ભડકી ઉઠે છે. એક ઉચ્ચ વન અધિકારીએ પોતાના અનુભવના આધારે જણાવ્યું છે કે નીલગાયની વસ્તી વધવાના તથા શહેરી વિસ્તારમાં આવી જવા માટેના મુખ્ય બે કારણો છે. એક તો નીલગાયના કુદરતી ભક્ષકો જેવાકે વરુ, દીપડા, જંગલી કુતરા વગેરેની સંખ્યા લગભગ નહીવત થઈ ગઈ છે. જેના કારણે નીલગાયની વસ્તીમાં ઘણો વધારો જોવા મળે છે. બીજું કારણ એ છે કે નીલગાયની વસ્તી વધવાની સાથે તેમના કુદરતી રહેણાંક વિસ્તારો એટલે કે જંગલ ઘટી જવાથી ખોરાક માટે નીલગાય શહેર તરફ ધસી આવે છે. જે વિસ્તારમાં નીલગાય સતત ફરતી હોય તે અંગે વનવિભાગને જાણ કરવાથી તેને પકડીને દૂર જંગલમાં છોડી આવવાનો પ્રયત્ન કરાય છે. જો કે નીલગાયને પકડવી એ ઘણું કપરું કાર્ય છે.

વનવિભાગ દ્વારા આ બાબતે પ્રભાવિત ઘણા વિસ્તારોમાં નીલગાયથી સાચવીને વાહન ચલાવવાના ચેતવણી સૂચક બોર્ડ લગાડવામાં આવ્યા છે. નગરના વાહનચાલકોએ પણ આ અંગે થોડી સાવચેતી દાખવી વાહનો હંકારવા એ એક માત્ર હાલ પૂરતો ઉપાય જણાય છે.

## આંતરવિભાગીય ક્રિકેટ મેચમાં મહેસૂલ વિભાગની ટીમનો વિજય

**જિજ્ઞેશ ચૌધરીએ ૩૫ રન નોંધાવી બે વિકેટ ઝડપી લેતા મેન ઓફ ધ મેચ જાહેર**

શહેરના સેકટર-૨૧ જીમખાના ખાતે સચિવાલય આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત મહેસુલ વિભાગ અને કાયદા વિભાગની ટીમ વચ્ચે ક્રિકેટ મેચ ખેલાઈ હતી. જેમાં મહેસૂલ વિભાગની ટીમનો વિજય થયો હતો.

આ આંતર વિભાગીય મેચમાં મહેસૂલ વિભાગે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૩૪ રન નોંધાવ્યા હતા. જેમાં વિશાલ પંચાલે ૩૦ રન, વત્સલ વોરાએ ૨૯ રન, જિજ્ઞેશ ચૌધરીએ ૩૫ રન કર્યા હતા. જયારે કાયદા વિભાગની ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૦૮ રન નોંધાવ્યા હતા. પરિણામે મહેસુલ વિભાગની ટીમનો વિજય થયો હતો.

મેચ દરમિયાન મહેસુલ વિભાગ તરફથી જિજ્ઞેશ ચૌધરીએ ૩૫ રન આપી ૨ વિકેટ, વત્સલ વોરાએ ૧૧ રન આપી ૧ વિકેટ, પરેશ ગટાડ એ ૨૦ રન આપી ૨ વિકેટ અને અલ્પેશ રાઠવાએ ૧૧ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. મેચના અંતે શ્રેષ્ઠ દેખાવ કરનાર જિજ્ઞેશ ચૌધરીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. નાયી શાંતાબેન નરસિંહભાઈ, ઉ.વ. ૯૧
- સ્વ. બિહોલા નંદુબા કનુજી, ઉ.વ. ૭૫
- સ્વ. ભીખીબેન બાલુજી ઠાકોર, ઉ.વ. ૬૦